**પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત સમક્ષ.**

**રેફરન્સ (ટી) નં.૯૫/૨૦૧૭**

**પ્રથમ પક્ષકાર :** ૧. શ્રીમતિ રસીલાબેન સેવંતીલાલ શાહ વિનસ હોસ્પિટલ
ઠે. અશકતા આશ્રમ હોસ્પિટલ, રામપરા, પો. સૈયદપુરા, સુરત.
૨. શ્રી દલીચંદ વિરચંદ શ્રોફ અશકતા આશ્રમ (અશકતા આશ્રમ હોસ્પિટલ),
ઠે. ૮/૦. વિનસ હોસ્પિટલ અશકતા આશ્રમ હોસ્પિટલ, રામપરા, પો. સૈયદપુરા, સુરત.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકાર :** શ્રીમતી દક્ષાબેન અમૃતભાઈ સોલંકી,
ઠે. રૂમ નં.૧૩, અશકતા આશ્રમ હોસ્પિટલ, કામદાર કોલોની, રામપરા, સુરત.
**%.** સુરત લેબર યુનીયન,
૧૧૧, ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર, માન દરવાજા, રીંગ રોડ, સુરત.

**પ્રતિનિધિત્વ :** પ્રથમ પક્ષકાર તરફે ..વિ.વ.શ્રી એન.બી.શાહ.
બીજા પક્ષકાર તરફે ..વિ.પ્ર. શ્રી દિપકભાઈ પીપરોડીયા.

**એવોર્ડ**

હાલનો રેફરન્સ મદદનીશ મજૂર કમિશ્નર, સુરતનાઓએ તેમની કચેરીનાં તા. ૨૫/૦૫/૨૦૧૭ નાં હુકમ નં.કેએચ/એચએસએમસી/એજે/આઈડીઆર/ ૯૨/૨૦૧૭ થી ધી આઈ. ડી. એકટ ૧૯૪૭ની કલમ–૧૦(૧)ની જોગવાઈ અન્વયે ઉપસ્થિત કરી અનુસુચિમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારું અત્રે સુપ્રત કરેલ છે. ત્યારબાદ તા.૪/૫/૨૦૧૯ ના

રોજ નાયબ શ્રમ આયુકતની કચેરી, સુરતથી સુધારેલ હુકમ આવેલ છે જેમા હાલનો રેફરન્સ મદદનીશ મજૂર કમિશ્નર, સુરતનાઓએ તેમની કચેરીનાં તા.૧૧/૦૪/૨૦૧૮ નાં હુકમ નં.કેએચ/એચએસએમસી/એજે/આઈડીઆર/૯૨/૨૦૧૭ થી ધી આઈ. ડી. એકટ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) ની જોગવાઈ અન્વયે ઉપસ્થિત કરી અનુસુચિમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારું અત્રે સુપ્રત કરેલ છે.

**અનુસૂચિ**

કામદાર શ્રીમતી દક્ષાબેન અમૃતભાઈ સોલંકી ને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૨. સદર કામે રેફરન્સ અદાલતના હવાલે આવતાં બીજા પક્ષકારને તેઓનું માંગણાનું નિવેદન રજુ કરવાની ધોરણસરની નોટીસ બજાવવામાં આવેલ, જે અન્વયે બીજા પક્ષકારે આંક–૪ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે તેની ટૂંકી હકિકત જોઈએ તો, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા ૧૦ વર્ષથી હોસ્પિટલમાં મહેતરાણી સફાઈ કામદાર તરીકે કાયમી પોષ્ટ ઉપર છેલ્લો માસીક પગાર રુ.૬૫૦૦/– સાથે એક સળંગ નોકરી કરતા આવેલા. હોસ્પિટલમાં ૧૫૦ થી વધુ માણસો કામ કરતા આવેલા છે. બીજા પક્ષકારે પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની વધુ નોકરી કરેલ છે. બીજા પક્ષકાર તેમનું કામકાજ ખંત અને વફાદરી પૂર્વક બજાવતા આવેલા. પ્રથમ પક્ષકાર સંસ્થાને મજૂર કાયદાઓ લાગુ પડે છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર હાજરી કાર્ડ, પી. એફ. સ્લીપ, ઓળખ કાર્ડ,

વિગેરે કાયદેસરના મળવાપાત્ર લાભો આપતા ન હતા. બીજા પક્ષકારે કાયદેસરના લાભોની માંગણી કરતાં તા. ૦૧/ ૦૩/૨૦૧૭ ના રોજ ગેરકાયદેસર નોકરીમાંથી મૌખિક રીતે છુટા કરેલ છે. આમ કાયદેસરની કાર્યવાહી કર્યા વગર બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. જે પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનું જાહેર કરી રદ બાતલ ઠરાવવા અને બીજા પક્ષકારને નોકરીમાં સળંગ સર્વીસથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવાની દાદ માંગેલ છે.

૩. સદર કામે  બીજા પક્ષકારનાં માંગણાનાં નિવેદન વિરુધ્ધ લેખિત જવાબ રજુ કરવા  પ્ર થમ પક્ષકાર સંસ્થાને નોટીસ બજાવવામાં આવતાં પ્રથમ પક્ષકાર તરફે આંક–૯ થી તેમનો જવાબ રજુ કરેલ છે. તેમાં તેઓએ બીજા પક્ષકારના માંગણાના નિવેદનની તમામ હકિકતનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કયારેય કામ કરેલ નથી  અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર ન હતા અને તઓને કયારેય કામદાર તરીકે રાખેલ નથી. આથી બીજા પક્ષકાનો રેફરન્સ ચાલી શકતો નથી અને રદ્દ થવાને પાત્ર છે.

૪. ત્યારબાદ સદર કામ બંને પક્ષકારોના વધુ પુરાવા ઉપર રાખવામાં આવતા પક્ષકારો તરફે કોઈ પુરાવો રજુ ન કરતા અત્રેની અદાલત ધ્વારા આંક–૧ ની અરજી પર હુકમ કરી બંને પક્ષકારોનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૫. ત્યારબાદ સદર કામ બંને પક્ષકારોના દલીલ ઉપર રાખવામાં આવતા પક્ષકારો તરફે કોઈ દલીલો ન કરતા અત્રેની અદાલત ધ્વારા આંક–૧ ની અરજી પર હુકમ કરી બંને પક્ષકારોનો દલીલો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૬. પક્ષકારોના પક્ષ નિવેદન તેમજ ટર્મ્સ ઓફ રેફરન્સ અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં સદરહુ રેફરન્સના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા નં. ૧:</u>** શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે, તેઓએ પ્રથમ પક્ષકારને ત્યાં કામ કરી પાછલા વર્ષમાં ૨૪૦ દિવસ કે તેથી વધુ સળંગ કામગીરી કરેલ છે ?

**<u>મુદ્દા નં. ૨:</u>** શું બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તા. ૦૧/ ૦૩/૨૦૧૭ ના રોજ છુટા કરેલ જે પગલુ ગેરકાયદેસર છે ?

**<u>મુદ્દા નં. ૩:</u>** શું બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર છે ?

**<u>મુદ્દા નં. ૪:</u>** શું હુકમ ?

ઉપરના મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.૧:</u>** નકારમાં

**<u>મુદ્દા નં.૨:</u>** નકારમાં

**<u>મુદ્દા નં.:</u>**૩ નકારમાં

**<u>મુદ્દા નં.:</u>**૪ આખરી એવોર્ડ મુજબ.

## :: <u>કારણો</u> ::

**<u>મુદ્દા નં.:૧ થી ૩</u>**

૭. સદર કામે બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં છેલ્લા ૧૦ વર્ષથી હોસ્પિટલમાં મહેતરાણી સફાઈ કામદાર તરીકે કાયમી પોષ્ટ ઉપર છેલ્લો માસીક પગાર રુ.૬૫૦૦/– સાથે એક સળંગ નોકરી કરતા આવેલા. હોસ્પિટલમાં ૧૫૦ થી વધુ માણસો કામ કરતા આવેલા છે. બીજા પક્ષકારે પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની વધુ નોકરી કરેલ છે. બીજા પક્ષકાર તેમનું કામકાજ ખંત અને વફાદરી પૂર્વક બજાવતા આવેલા. પ્રથમ પક્ષકાર સંસ્થાને મજૂર કાયદાઓ લાગુ પડે છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર હાજરી કાર્ડ, પી. એફ. સ્લીપ, ઓળખ કાર્ડ, વિગેરે કાયદેસરના મળવાપાત્ર લાભો આપતા ન હતા. બીજા પક્ષકારે કાયદેસરના લાભોની માંગણી કરતાં તા. ૦૧/ ૦૩/૨૦૧૭ના રોજ ગેરકાયદેસર નોકરીમાંથી મૌખિક રીતે છુટા કરેલ છે. આમ કાયદેસરની કાર્યવાહી કર્યા વગર બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. જયારે પ્રથમ પક્ષકારે જણાવેલ છે કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકા સંસ્થામાં કયારેય કામ કરેલ નથી અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર ન હતા અને તઓને કયારેય કામદાર તરીકે રાખેલ નથી. આથી બીજા પક્ષકાનો

રેફરન્સ ચાલી શકતો નથી અને રદ્દ થવાને પાત્ર છે. આથી આ કામે આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ) ધ્યાને લઈએ તો

**૨૫(એફ)** : કામદારોની છટણીની પુર્વશરતો :–

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય તેવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :–

(એ) તે કામદારની છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખીત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, પરંતુ (બી) તે કામદારને છટણી વખતે (અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે ) અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહીં.

૨૫(એફ) ની કલમમાં કામદારે સામાવાળાને ત્યાં એક વર્ષની સળંગ કે ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કર્યાનું પુરવાર કરવું પડે જેથી આ કામે આઈ.ડી.એકટની કલમ ૨૫(બી) ધ્યાને લઈએ તો..

**કલમ–૨૫(બી)** સળંગ નોકરીની વ્યાખ્યા :–

આ પ્રકરણના હેતુઓ માટે,

(૧) કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય એવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય એવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તે એટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય;

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે,

(ક) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાનાં બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન–

(૧) કોઈ ભુગર્ભમા કામો રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખબર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદત સુધી;

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાંના છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન–

(૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણુ દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

બીજા પક્ષકારે પુરાવાથી પ્રથમ પક્ષકારને ત્યાં સળંગ એક વર્ષ કે તેમને છુટા કર્યાના અગાઉના વર્ષમાં ૨૪૦ દિવસ કે તેથી વઘુ કામ કરેલાનું પુરવાર કરવું પડે. પરંતુ અરજદારે (બીજા પક્ષકારે) આ હકિકતો પુરાવાથી પુરવાર કરેલી ન હોય આઈ. ડી. એકટી કલમ–૨૫(એફ) નું પાલન કરવાની જરૂરીયાત પણ રહેતી નથી અને હકીકત પુરવાર કરવા માટે બીજા પક્ષકારે માંગણાના નિવેદનના સમર્થનમાં કોઈ મૌખિક પુરાવો આપેલ નથી કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાના જણાવ્યા પ્ર માણે બીજા પક્ષકારે તેઓને છુટા કર્યાના અગાઉના વર્ષમાં કયારેય ૨૪૦ દિવસ કે તેથી વઘુ કામ કરેલ નથી. ઘી ઈન્ડસ્ટ્રીયલ એકટ ૧૯૪૭ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ બીજા પક્ષકાર, પ્રથમ પક્ષકારના કામદાર ન હોય રેફરન્સ રદ થવા પાત્ર છે. આ કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરેલ હોય તે અંગેના ઉપલબ્ઘ પુરાવાઓ રજુ કરવા જોઈએ.પરંતુ સદર કામે અદાલતે બીજા પક્ષકારને પુરતી તક આપવા છતાં બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં કોઈ મૌખિક પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ કાયદાના પ્રસ્થાપિત થયેલ સિઘ્ઘાંત મુજબ બીજા પક્ષકારે તેઓને નોકરીમાંથી છુટા કર્યા અગાઉના ૧૨ મહીનામાં ૨૪૦ દિવસ કામ કરેલ છે કે કેમ? તે પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. પરંતુ આ કામે બીજા પક્ષકાર તેમના મૌખિક પુરાવા દ્વારા કે દસ્તાવેજી પુરાવા દ્વારા પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. It is noteworthy here that the applicant second party has not furnished or lead its evidence since approximately last five years because of which this Court is compelled to take action against the second party as per the mandate of the Hon'ble the Supreme

Court as well as the Hon'ble the High Court of Gujarat to chop or wipe out the old dead-wood cases pending in the trial Courts. આમ, બીજા પક્ષકાર તેમના મૌખિક પુરાવા ધ્વારા કે દસ્તાવેજી પુરાવા ધ્વારા પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમજ બીજા પક્ષકારની લાંબા સમયની ગેરહાજરી જોતાં બીજા પક્ષકારને આ કેસ ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. તેથી બીજા પક્ષકાર તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર, લાભો અને સળંગ નોકરી સાથે પુન:સ્થાપિત થવા હકદાર ન થતા હોય, મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવામાં આવે છે.

૨. રેફરન્સના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સુરત.
તા. ૦૮/૦૪/૨૦૨૩

**(સુનિલ વામન વાઘ)**
પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01035